# અરવલ્લી જિલ્લા ભાજપની બેઠકમાં આગામી કાર્યક્રમો વિશે ચર્ચા

## સાબરકાંઠા ભાજપની જિલ્લા કારોબારી ૨૭મીએ સાંપડમાં યોજાશે : પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ ડિસેમ્બરમાં સાબરકાંઠાના એક દિવસના પ્રવાસ અંગે પણ ચર્ચા કરવામાં આવી

બાયડ તા.૨૩

ભારતીય જનતા પક્ષ સાબરકાંઠા જિલ્લા દ્વારા આજરોજ જિલ્લાના હોદ્દેદારોની બેઠક હિંમતનગર મુકામે યોજવામાં આવેલ જેમાં જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલે જણાવેલ કે, મંડલનું પ્રશિક્ષણ વર્ગોનું આયોજન કરવામાં આવેલ છે જે પંદર દિવસમાં પૂર્ણ કરવું અને તેના અધ્યક્ષ તરીકે ધારાસભ્ય રહેશે, જો પેજ કમિટીનું કામ બાકી હશે એ પણ પૂરું કરી દેવાનું છે પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ સાહેબ આગામી ડિસેમ્બર મહિનામાં આપણા ત્યાં વનડે નો કાર્યક્રમ છે જેમાં તમામ સમાજના વર્ગો, સમાજના વિવિધ સંગઠનો, સેવાભાવી સંસ્થાઓ તેમજ ડોક્ટર શ્રી ઓ, એડવોકેટ, યુવાનો સહિત તેમની સાથે વન ટુ વન બેઠક કરવાના છે.

સંગઠનમાં વિસ્તાર એટલે શક્તિ કેન્દ્ર ના સંયોજક અને પ્રભારી સંયોજક બનાવવાના છે એટલે શક્તિ કેન્દ્રની રચના પૂરી કરવાની છે જિલ્લા ભાજપ પ્રભારી ભરતભાઈ આર્ય જણાવેલ કે, હમણાં યોજાયેલી પ્રદેશ કારોબારી માં જે નિર્ણય લેવાયા હતા તેની માહિતી આપી જણાવેલ કે સામ્યવાદી ઓ, કોંગ્રેસીઓ આપણા સમાજોને તોડી રહ્યા છે



તેનાથી સાવચેતી રાખવાની છે અને સમાજમાં આપણી વિચારસરણી આપણા કેટલાક કામો તેમજ પક્ષના નેતા ઓએ આપેલા બલિદાનોની વાત મૂકવાની તેનાથી સમાજોમાં આપણે રાજનીતિ નહીં પરંતુ સામાજીક દાઈત્વ નિભાવી પ્રજાની સેવા માટે આપણે કાર્ય કરી રહ્યા છીએ.

જિલ્લા ભાજપ મહામંત્રી વિજયભાઈ પંડ્યા એ શરૂઆતમાં સ્વાગત પ્રવચન કરી જિલ્લામાં આવતા વિવિધ કાર્યક્રમોની જાણકારી આપી હતી જેમાં મંડલ કારોબારી બેઠક નું આયોજન, ૨૬મી નવેમ્બરે ડૉ. બાબાસાહેબ આંબેડકર સંવિધાન ગૌરવ યાત્રા જેમાં વિવિધ વક્તા માર્ગદર્શન આપશે, જાહેરસભાનું આયોજન, શક્તિ કેન્દ્રો ની રચના, મંડલ પ્રશિક્ષણ વર્ગ જેમાં બે દિવસ એક રાત્રિનું રોકાણ સાથેના નિવાસી વર્ગો, પહેલી ડિસેમ્બરથી સરકાર નો કાર્યક્રમ જેમાં હર ઘર દસ્તક જે તમામ બુથ ઉપર થાય તેમાં તમામ કાર્યકર્તા જોડાય, કમલ પુષ્પ જેમાં જનસંઘથી ભાજપ ની સ્થાપના થઈ આજ સુધી પક્ષના કાર્યકર્તાના ત્યાગ, તપસ્યા અને યોગદાન વિશે કાર્યકર્તા માહિતગાર થાય તે વિશે કાર્યક્રમ, ૨૫ ડિસેમ્બર અટલજી નો જન્મદિવસ, અને મહિનાના છેલ્લા રવિવારે મનકી બાત, આ વિશે કાર્યકર્તાની વિસ્તૃત જાણકારી આપી આયોજન કરવામાં આવેલ, આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી કનુભાઈ પટેલ, મહેન્દ્રસિંહ રહેવર સહિત તમામ મંડલોના અપેક્ષિત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ધનસુરા તાલુકાના નવી શિણોલ ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

ધનસુરા, તા. ૨૩

ધનસુરા તાલુકાના નવી શિણોલ ગામે સરકારની યોજનાઓના લાભ અને સહાયતા અંગેના વ્યક્તિગત પ્રશ્નોના તત્કાલ નિકાલ માટે ૮ થી ૧૦ ગામો ના કલસ્ટર માં સેવાસેતુ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે ત્યારે ધનસુરા ના નવી શિણોલ ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો જેમાં લાભાર્થીઓ એ વિવિધ પ્રજાલક્ષી સેવાઓનો લાભ લીધો હતો. કાર્યક્રમ માં લાભાર્થીઓ એ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લીધો હતો આ કાર્યક્રમ માં જિલ્લા ભાજપ પ્રમુખ રાજેન્દ્ર પટેલ, ચિરાગભાઈ પટેલ (સંયોજક, કાર્યાલય આધુનિકરણ વિભાગ ગુજરાત પ્રદેશ ભાજપા) અધિકારીઓ,પદાધિકારીઓ, ગ્રામજનો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓ એ લાભ લીધો હતો

# બાયડમાં જનકલ્યાણ બચત ધિરાણ મંડળીનું લોકાર્પણ

## તાલુકા ૫ પરગણા વણકર સમાજના ૪૬ ગામોના સભાસદો આવરી લેતી મંડળીનું રજીસ્ટ્રેશન





બાયડ તા.૨૩

બાયડ માં તાજેતર માં ધી જનકલ્યાણ બચત ધિરાણ મંડળીનું લોકાર્પણ કલેકટર નરેન્દ્રકુમાર મીના ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો તેમાં પ્રાંત અધિકારી વિમલભાઈ બારોટ,મામલતદાર રાકેશભાઈ જોશી તાલુકા વિકાસ અધિકારી રાકેશભાઈ એન પટેલ રાકેશ પંચાલ જિલ્લા રજિસ્ટ્રાર કચેરી મોડાસા ભરતભાઈ પરમાર ચેરમેન ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અરવલ્લી મોડાસા શ્રી રસિકભાઈ મકવાણા નિવૃત્ત જિલ્લા રજિસ્ટ્રાર અરવલ્લી તેમજ મુખ્ય અતિથિ વિશેષ તરીકે શ્રી અમૃતલાલ પરમાર નિવૃત્ત નાયબ સચિવ સહકાર અને ચેરમેન શ્રી ડૉ બી આર આંબેડકર કો ઓપ ફેડરેશન ગાંધીનગર ની હાજરીમાં ૫૦૦ સભાસદો સમાજના આગેવાનોની વચ્ચે સંપન્ન થયો હતો.

ઉદઘાટન સમારોહ પછી જનરલ સભા મળી હતી તેમાં ૧૫ કારોબારી સમિતી ની રચના કરવામાં આવી હતી જેમાં બેંક ઓફ બરોડાના નિવૃત્ત મેનેજર પ્રવિણચંદ્ર સોનેરી ધનસુરાની ચેરમેન તરીકે જ્યારે ચેતનાબેન નરેશ ચંદ્ર પરમાર ની વાઈસ ચેરમેન તરીકે, સુધાબેન અરવિંદભાઈ રાજની સેક્રેટરી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.

# જિલ્લામાં લાખોના ખર્ચે ઉભી કરાયેલી સોલાર સ્ટ્રીટ લાઈટો એક વર્ષમાં બંધ

## સોલાર લાઈટો પાછળ કૌભાંડના આક્ષેપ : પૈસા ખર્ચવા છતાં પ્રજા અંધારે અટવાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં રાજ્ય સરકારે સૌર ઉર્જાને પ્રોત્સાહન આપવા મોટા ઉપાડે ઉભી કરેલી સ્ટ્રીટ લાઈટો એક વર્ષના ટૂંકા સમયમાં બંધ પડી જતાં સૌર ઉર્જાના કોન્ટ્રાક્ટમાં અંદરખાને કૌભાંડ આચરાયાના આક્ષેપ ગ્રામ્ય વિસ્તારની પંચાયતોમાં ઉઠવા પામ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા એક વર્ષ દરમ્યાન ઉભી કરવામાં આવેલી સ્ટ્રીટ લાઈટની બેટરીઓ ટૂંક સમયમાં જ નકામી બની જતાં રાત્રે અંધારાં યથાવત રહ્યાં છે.

રાજ્ય સરકારે સૌર ઉર્જાનો વધુ ને વધુ ઉપયોગ થાય અને વીજળીના તોતિંગ વિજ બીલથી પંચાયતની આવક બચે તેવા આશયે સોલાર સ્ટ્રીટ લાઈટો માટે તમામ પંચાયતોને લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી હતી પરંતુ એક વર્ષના સમયમાં જ સૌર ઉર્જાનું બાળમરણ થઈ ગયું છે. જિલ્લામાં ઉભી કરાયેલ સ્ટ્રીટ લાઈટની બેટરી નકામી બની જતાં ૨ થી ૩ કલાક પ્રકાશ રેલાવી ફરીથી અંધારૂ હાવિ થઈ જતું હોય છે. જાણવા મળ્યા મુજબ સોલાર લાઈટ વિશે જ્ઞાન ધરાવતા મીકેનીકલ એક્સપર્ટને કોન્ટ્રાક્ટ આપવાને બદલે અન્ય લોકોને કોન્ટ્રાક્ટ આપી દેવાતાં સોલાર સ્ટ્રીટ લાઈટો શોભાના થાંભલારૂપ બની રહી છે. જિલ્લામાં ઉભી કરાયેલી સ્ટ્રીટ લાઈટમાં એમએનઆરઆઈ સ્પેસીફીકેશન ધરાવતી બેટરી હોવી જોઈએ પરંતુ મોટાભાગના વિસ્તારમાં આવી બેટરીનો ઉપયોગ થયો નથી જેથી તબક્કાવાર રીતે સોલાર સ્ટ્રીટ લાઈટો નકામી બની રહી છે. જિલ્લામાં કેટલીક ગ્રામ પંચાયતો સ્ટ્રીટ લાઈટનાં વિજબીલ ભરવામાં અસમર્થ બની રહેતાં સોલાર લાઈટો ફાયદારૂપ સાબિત થઈ રહી હતી પરંતુ હવે એક વર્ષમાં જ સૌર ઉર્જાના નામે ઉભી કરાયેલ સ્ટ્રીટ લાઈટોએ પોત પ્રકાશતાં ગામડાંની પ્રજા માટે રાત્રે અંધારૂ ઉલેચવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો નથી.

# ચંચળબા નગર ખાતે આગેવાનો ગ્રામજનોની ઉપસ્થિતિ નશા મુક્તિ માટે કાર્યક્રમ યોજાયો

## ડ્રગ્સ ફ્રી વર્લ્ડ ઈન્ડિયા અને અખિલ ભારતીય એનજીઓ મહાસંઘ દ્વારા કાર્યક્રમ યોજાયો : સેવન સ્ટાર ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી નશા મુક્તિ કાર્યક્રમ યોજાયો







પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ચંચળબાનગર ખાતે નશા મુક્તિ માટેનો કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજ નગર પાલિકા વિસ્તારમાં આવેલ ચંચળબાનગર ખાતે ડ્રગ્સ ફ્રી વર્લ્ડ ઈન્ડિયા અને અખિલ ભારતીય એનજીઓ મહાસંઘ દ્વારા ગુજરાત મા એનજીઓ મારફતે નશા મુકત ગુજરાત અભિયાન ચલાલવવામા આવી રહ્યુ છે આ અભિયાન અંતર્ગત સેવન સ્ટાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રાંતિજના ચંચળબાનગર ખાતે નશા મુક્તિ માટેનો કાર્યક્રમ કરવામા આવ્યો હતો જેમા અખિલ ભારતીય એનજીઓ મહાસંઘ સાબરકાંઠા જિલ્લાના અધ્યક્ષ કૌશિકભાઈ સિંધવાણી, નગરપાલિકા પ્રમુખ, ભાજપ શહેર પ્રમુખ, મહિલા મોરચાના પ્રમુખ, આંગણવાડી કાર્યકર, સી.એચ.સીના જિલ્લા કો.ઓડીનેટર, સેવન સ્ટાર ચેરીટેબલ ટ્રસ્ટ ના ટ્રસ્ટી ધુયાંગ સોની તથા જિલ્લાના વિવિધ એનજીઓ ના હોદ્દેદારો ગ્રામજનો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તો ઉપસ્થિત ગ્રામજનો ને નશા મુક્તિ માટે જાગૃતિ આખે અને લોકો નશા માંથી મુક્ત થઈ એક સ્વસ્થ અને ખુશહાલ જીવન જીવે એ માટે સલાહ અને માર્ગદર્શન પુરૂ પાડવામા આવ્યુ હતુ આ સમગ્ર કાર્યક્રમનું સફર સંચાલન સેવન સ્ટાર ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ જિજ્ઞાબેન સોની દ્વારા કરવામા આવ્યુ હતુ.

# જુનાડીસામાં 'શિફા હોસ્પિટલ'નું ઉદ્ઘાટન...

ડીસા, તા. ૨૩

દાંતીવાડા તાલુકાના ડાંગિયા ગામના વતની એયુબખાન ઘાસુરા (નિવૃત એ.સી.એફ.) ના સુપુત્ર ડૉ. મિયાઝ એ.ઘાસુરાનું નવું સાહસ 'શિફા હોસ્પિટલ' નું જુનાડીસા ખાતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. હાલમાં તાવ, શરદી, ડેન્ગ્યુ, ચિકન ગુનિયા જેવી બીમારીઓ વધતી જોવા મળી રહી છે આવા સમયે નાના નાના ગ્રામ્ય વિસ્તારોમાં સારા ડોકટરોની ઉણપ દેખાય છે.તે વર્તમાન સમયને ધ્યાનમાં રાખીને મોટા શહેરોને એક તરફ મૂકીને જુનાડીસા જેવા ગ્રામ્ય વિસ્તારમાં પોતાનું દવાખાનું શરૂ કરવાનો સંકલ્પ ડૉ. મિયાઝ ઘાસુરાએ કર્યો છે.સ્વભાવે સેવાને પ્રાર્થમિકતા આપતા જુનાડીસામાં પોતાના સમાજના વિશાળ સમૂહને ધ્યાનમાં રાખતા દાંતીવાડા તાલુકાના નાના ગ્રામ્ય વિસ્તાર ડાંગિયામાં જન્મેલા ડૉ. મિયાઝ ઘાસુરા એમ.બી.બી.એસ. કર્યા પછી જુનાડીસામાં હાઈવે અડીને આવેલા સરતાજ હોટલ ઉપરના પ્રથમ માળે પોતાનું દવાખાનું ખોલીને એક નવી રાહ ચીંધી છે.જે દવાખાનાના ઉદ્ઘાટન પ્રસંગે જુનાડીસાના મુસ્લિમ બિરાદરો ઉપરાંત અન્ય સમાજના લોકો પણ વિશાળ સંખ્યામાં હાજર રહયા હતા.

## ડીસાના જુના ડીસા નજીક મુસ્લિમ દંપતિ લુંટાયુ

# સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા ઈસમો મોબાઈલ અને એક્ટિવા લઈ ફરાર

ડીસા, તા. ૨૩

ડીસાના જુનાડીસા હાઈવે નજીક એક્ટિવા ઉપર આવતા એક મુસ્લિમ દમત્તિને બે અજાણ્યા સાયકલ સવારોએ આંતરી હુમલો કરી મોબાઈલ અને એક્ટિવાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. બનાવના પગલે ડીસા તાલુકા પોલીસે અજાણ્યા ઈસમો વિરુદ્ધ લૂંટનો ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ ફરિયાદની વિગતો જોતા મૂળ ડીસાના ગવાડી છોટાપુરા ખાતે રહેતા અને વેપાર કરતા ૫૪ વર્ષીય હનીફભાઈ યાકુબભાઈ શેખ સોમવારે પોતાના પત્ની સાથે એક્ટિવા લઈ જુનાડીસા લગ્ન પ્રસંગે ગયા હતા અને સાંજે સાડા આઠેક વાગે પરત ડીસા ગવાડી તરફ આવતા હતા.તે દરમિયાન જુનાડીસાથી આગળ સતરા સૈયદ દરગાહના વળાંક પાસેથી પસાર થતા હતા. તે દરમિયાન રોડની સાઈડમાં સાયકલ લઈ બે અજાણ્યા ઈસમો ઉભા હતા અને હનીફભાઈ એક્ટિવા લઈ નજીક આવતા જ આ ઈસમોએ પોતાની સાયકલ એક્ટિવા આગળ નાખતા હનીફભાઈનું એક્ટિવા સાયકલ સાથે અથડાઈ પડતા હનીફભાઈ અને તેમના પત્ની બન્ને રોડ ઉપર પટકાયા હતા. જે દરમિયાન આ બન્ને ઈસમો હુમલો કરી હનીફભાઈ સાથે ઝપાઝપી અને માર મારવા લાગેલ અને હનીફભાઈના ખીસામાં રાખેલ વિવો કમ્પનીનો મોબાઈલ (કિંમત ૭હજાર) તેમજ એક્ટિવા (કિંમત ૩૦ હજાર) મળી કુલ રૂ. ૩૭૦૦૦ ની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. અચાનક બનેલી ઘટનાના પગલે હનીફભાઈ અને તેમના પત્ની ગભરાઈ ગયેલા અને આ બાબતે ડીસા તાલુકા પોલીસ મથકે બે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે લૂંટનો ગુનો નોંધી તેમને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# બનાસકાંઠામાં માત્ર બે કેન્દ્રો પર આઠ ખેડૂતોએ ટેકાના ભાવે મગફળી ભરાવી

## નવ ખરીદી કેન્દ્ર પૈકી શિહોરી અને દીયોદરમાં ટેકાના ભાવે ૪૯૫ બોરી મગફળીની આવક થઇ : ૩૧૩૬ મેસેજ કરવા છતાં ખેડૂતો ટેકાના ભાવે મગફળી વેચવા આવ્યા જ નહીં

પાલનપુર, તા. ૨૩

બનાસકાંઠા જિલ્લામાં વિવિધ નવ સેન્ટરો પર ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરાઈ છે પરંતુ ટેકાના ભાવ કરતા બજારમાં મગફળીના દામ ઉંચા મળતા હોઈ ખેડૂતો મગફળી નો પાક બજારમાં ભરાવતાં હોઈ બનાસકાંઠામાં ટેકાના ભાવે મગફળી ની ખરીદીને મોળો પ્રતિસાદ સાંપડી રહ્યો છે જોકે અત્યાર સુધીમાં જિલ્લાના નવ કેન્દ્ર પૈકી બે કેન્દ્રો પર માત્ર આઠ ખેડૂતો એ પોતાની મગફળી ટેકા ના ભાવે ભરાવી છે. સરકારે ખેડૂતોને મગફળીના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ગત તાં.૯ નવેમ્બર થી ટેકાના ભાવે મગફળીની ખરીદી શ્રી કરવામાં આવી છે અને પ્રતિ વિસ કિલોએ રૂ. ૧૧૧૦ નો ટેકાનો ભાવ નક્કી કરાયો છે જેમાં બનાસકાંઠામાં ૬૦૭૪ ખેડૂતોએ ટેકા ના ભાવે મગફળી વેચવા ઓનલાઈન નોંધણી કરાવી હતી જેમાં ડોક્યુમેન્ટ વેરિફિકેશનમાં ખામી વાળા ૨૫૯૪ ખેડૂતોની નોંધણી રદ કરાઈ હતી અને અત્યાર સુધીમાં ૩૧૩૬ ખેડૂતોને ટેકા ના ભાવે મગફળી ભરાઈ જવા એસએમએસ થી જાણ કરવામાં આવી છે પરંતુ હાલ બજારમાં હાલ પ્રતિ વિસ કિલો મગફળીનો ભાવ ટેકા ના ભાવ કરતા વધુ રૂ.૧૧૫૦ ઉપર ચાલી રહ્યો છે મોટાભાગ ના ખેડૂતો ઉંચા દામ મેળવવા મગફળીનો પાક ટેકા ના ભાવે વેચવાના બદલે બજારમાં ભરાવી રહ્યા હોય જિલ્લામાં ના નવ કેન્દ્ર માંથી માત્ર શિહોરી ખાતે ૩ ખેડૂતો એ ૩૬૧ બોરી અને દિયોદર ખાતે ૨ ખેડૂતે ૧૩૪ બોરી મગફળી ટેકા ના ભાવે ભરાવી છે બાકી ના સાત કેન્દ્રો પર મેસેજ કરવા છતાં એક પણ ખેડૂત ટેકાના ભાવે મગફળી ભરાવવા ફરકયો નથી જેને લઈ જિલ્લામાં સરકાર ની ટેકા ના ભાવે મગફળીની ખરીદી ને મોળો પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

**૩૧૩૬ મેસેજ સામે ૮ ખેડૂતે ટેકાના ભાવે મગફળી ભરાવી**

બનાસકાંઠા જિલ્લામાં ટેકાના ભાવે મગફળીની ખરીદીમાં ૬૦૭૪ ખેડૂતે ઓન લાઈન રજીસ્ટ્રેશન કરાવ્યુ હતું ડોક્યુમેન્ટની ચકાસણ માં ૨૫૯૪ ખેડૂતોની નોંધણી રદ થતા ૩૪૭૯ ખેડૂતો પૈકી અત્યાર સુધી ૩૧૩૬ મેસેજ કરવામાં આવ્યા છે જેમાં માત્ર બે કેન્દ્ર પર આઠ ખેડૂતે ટેકાના ભાવે મગફળી ભરાવી છે

**મગફળીની ખરીદી માટે નવ કેન્દ્રો શરૂ કરાયા હતા**

બનાસકાંઠામાં ટેકાના ભાવે મગફળીની ખરીદી માટે પાલનપુર, કાંકરેજ, ડીસા, વડગામ, દાંતા, દિયોદર, ધાનેરાના સામરવાડા, થરાદ અને લાખણીના સરકારી અનાજ ગોડાઉન ખાતે ટેકાના ભાવે મગફળીની ખરીદીના કેન્દ્રો શરૂ કરાયા હતા.

**વરસાદના પગલે બે દિવસ ખરીદી બંધ રહી**

હવામાન વિભાગે કરેલી વરસાદની આગાહીના પગેલ બનાસકાંઠા જિલ્લાના નવ કેન્દ્રો પર ૧૯ અને ૨૦ નવેમ્બરના બે દિવસ ટેકા ના ભાગે મગફળી ની ખરીદી બંધ રખાઈ હતી અને સોમવાર થી રાબેતા મુજબ મગફળીની ખરીદી કરાશે

## જન્મદિને વધામણી



ઘનશ્યામભાઈ એસ.પટેલ
સ્વામિનારાયણ સોસાયટી
વિભાગ-૧
બાયડ, જીલ્લો અરવલ્લી



કાર્તિક જે.પટેલ
સાયરા તા.મોડાસા



દીપ ગિરિશભાઈ પટેલ
આકૂંદ તા,ધનસુરા



બંટી પંકજભાઈ પટેલ
આકુંદ તા.ધનસુરા



હીરેન પટેલ
સાહેલી ગારમેન્ટ્સ
બાયડ

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન